(૧) આ કામમા પો.સ્ટેશન ધ્વારા આરોપી વિરૂધ્ધ ધી પ્રોહી.એકટની કલમ–૬૬(બી),૬૫(એ.ઈ) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી તરફે સ્પેશીયલ સીટીંગ અન્વયે હાજર રહેલાં છે અને તેઓએ સ્પેશીયલ સીટીંગ અનવયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨, થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ધી પ્રોહી.એકટની કલમ–૬૬(બી),૬૫(એ.ઈ), ના ગુના માટે પ્લી/નીવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ તેઓ મજુરી કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમવારનો ગુનો છે અને હવે પછી આવો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે. આરોપી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે એ.પી.પીશ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરું છું.

## ::: હુ ક મ :::

આરોપીને ધી પ્રોહી.એકટ કલમ–૬૬(બી),૬૫(એ.ઈ) મુજબના ગુના માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવીને એકત્રીતપણે રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૧(એક) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદ્દામાલનો નાશ કરવો/મુદ્દામાલ વાહન જેને બોન્ડ પર આપેલ છે તેની પાસે રહે તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી સહી કરી જાહેર કર્યો.

(એચ.એન. દેસાઈ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪,અમદાવાદ.
(GJ 00738)

અમદાવાદ.
તા.૧૦/૦૨/૨૦૧૮

VB VALA PA